પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૬૦ | ૨ ડિસેમ્બર, ૨૦૨૧, ગુરૂવાર; કારતક વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# કોમર્શિયલ સિલિન્ડરમાં ૧૦૦ રૂપિયાનો વધારો

### વધારો કોમર્શિયલ સિલિન્ડરમાં થયો છે, ઘરેલુ એલપીજી સિલેન્ડરના ભાવમાં કોઈ વધારો થયો નથી, દિલ્હીમાં સિલિન્ડરના ભાવ ૨૧૦૧ રૂપિયા થયા



નવી દિલ્હી,તા.૧

વધતી મોંઘવારીએ સામાન્ય માણસોની કમર તોડી નાખી છે અને ડિસેમ્બરના પહેલા દિવસે જ લોકો પર એકવાર ફરીથી મોંઘવારીનો જબરદસ્ત ફટકો પડ્યો છે. પેટ્રોલિયમ કંપનીઓએ આજથી ગેસના ભાવ વધાર્યા છે અને કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં ૧૦૦ રૂપિયાનો વધારો કર્યો છે. રાહતની વાત એ છે કે આ વધારો કોમર્શિયલ સિલિન્ડરમાં થયો છે. ઘરેલુ એલપીજી સિલેન્ડરના ભાવમાં કોઈ વધારો થયો નથી. જો કે કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં વધારા બાદ રેસ્ટોરન્ટમાં ખાવાનું પીવાનું મોંઘુ થઈ શકે છે. કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં ૧૦૦ રૂપિયાના વધારા બાદ દેશની રાજધાની દિલ્હીમાં ૧૯ કિલોવાળા સિલિન્ડરના ભાવ ૨૧૦૧ રૂપિયા થયા છે. આ અગાઉ ૧ નવેમ્બરના રોજ કોમર્શિયલ એલપીજી ગેસ સિલિન્ડરના ભાવમાં ૨૬૬ રૂપિયાનો વધારો થયો હતો અને ગેસનો ભાવ ૨૦૦૦.૫૦ રૂપિયા થયો હતો. ૧૦૦ રૂપિયાના વધારા બાદ કોલકાતામાં કોમર્શિયલ સિલિન્ડરનો ભાવ ૨૧૭૭ રૂપિયા થયો છે.

# ૧૫મીથી નિયમિત ઈન્ટરનેશનલ ફ્લાઈટ શરૂ કરવાનો નિર્ણય રદ

### આફ્રિકામાં દેખાયેલા ઝડપથી ફેલાતા વેરિયન્ટથી ભારતમાં ચિંતા : ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન દ્વારા પોતાના સત્તાવાર ટ્વિટર હેન્ડલ પર આ અંગે માહિતી આપવામાં આવી : ૨૦૨૦થી ફ્લાઈટ બંધ છે

નવી દિલ્હી, તા.૧

આફ્રિકામાં દેખાયેલા કોરોનાના નવા અને ઝડપથી ફેલાતા વેરિયંટ ઓમિક્રોનને કારણે ભારતે ૧૫ ડિસેમ્બરથી નિયમિત ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સ શરુ કરવાનું માંડી વાળ્યું છે.



ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (ડીજીસીએ) દ્વારા પોતાના સત્તાવાર ટ્વિટર હેન્ડલ પર આ અંગે માહિતી આપવામાં આવી છે. દેશમાં ૨૦૨૦માં લોકડાઉન લાગુ કરવામાં આવ્યું ત્યારથી જ નિયમિત ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સ બંધ છે. ડીજીસીએ દ્વારા જણાવાયું છે કે, નવો વેરિયંટ સામે આવ્યા બાદ હાલ જોવા મળી રહેલી વૈશ્વિક સ્થિતિને ધ્યાનમાં રાખીને કોમર્શિયલ ઈન્ટરનેશનલ પેસેન્જર સર્વિસ શરુ કરવાની તારીખ હવે પછી જાહેર કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, યુરોપ સહિત દુનિયાના ઘણા દેશોએ આફ્રિકાથી આવતી ફ્લાઈટ્સ પર નિયંત્રણ મૂક્યા છે. ભારતમાં પણ આફ્રિકન દેશમાંથી આવતા લોકોને માટે સાત દિવસનું ક્વોરન્ટાઈન ફરજિયાત બનાવવામાં આવ્યું છે.

હજુ ગયા સપ્તાહે જ ભારત સરકારે કોરોનાના નિયંત્રણો હળવા કરવાની કવાયતના ભાગ રુપે ૧૫ ડિસેમ્બરથી ઈન્ટરનેશનલ કોમર્શિયલ ફ્લાઈટ્સ શરુ કરવાની જાહેરાત કરી હતી. જોકે, આફ્રિકામાં ઓમિક્રોન વેરિયંટ દેખાતા જ આ નિર્ણયને સમીક્ષા હેઠળ મૂકવામાં આવ્યો હતો. ભારતમાં નિયમિત ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સ ભલે બંધ હોય પરંતુ જુલાઈ ૨૦૨૦થી ૩૧ દેશો સાથે થયેલી સમજૂતી અનુસાર ખાસ ફ્લાઈટ્સ ચાલુ કરવામાં આવી છે.

ભારત સરકારના દાવા અનુસાર, દેશમાં હજુ સુધી ઓમિક્રોન વેરિયંટનો એકેય કન્ફર્મ કેસ નથી નોંધાયો.

# દેશમાં કેસ વધ્યા : ૮૯૫૪ નવા કેસ

### છેલ્લા ૨૪ કલાકમાં ૨૬૭ સંક્રમિતોએ જીવ ગુમાવ્યો : દેશમાં નોંધાતા કુલ કેસના ૫૦ ટકાથી વધારે કેસ હજુ કેરળમાં નોંધાઈ રહ્યા છે

નવી દિલ્હી, તા.૧

દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૮૯૫૪ કેસ નોંધાયા છે. જે ગઈકાલ કરતા ૨ હજાર કેસથી વધુનો વધારો દર્શાવે છે. ગઈકાલે ૬૯૯૦ નવા કેસ હતા જ્યારે આજે ૮૯૫૪ કેસ નોંધાતા ચિંતામાં વધારો થયો છે. જોકે દેશમાં સળંગ ૫૪માં દિવસે કોરનાના નવા કેસ ૨૦ હજારથી નીચે રહ્યા છે. જ્યારે સળંગ ૧૫૭માં દિવસે કોરોનાના નવા કેસ ૫૦ હજારથી નીચે નોંધાયા છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જણાવ્યા મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં ૮૯૫૪ નવા કેસ નોંધાયા છે અને ૨૬૭ સંક્રમિતોએ જીવ ગુમાવ્યો છે. ૧૦,૨૦૭ લોકો કોરોના સામે જંગ જીત્યા છે. દેશમાં કુલ એક્ટિવ કેસની સંખ્યા ઘટીને ૯૯૦૨૩ પર પહોંચી છે. રિકવરી રેટ ૯૯ ટકા જેટલો છે, જે માર્ચ ૨૦૨૦ પછી સૌથી વધારે છે.

દેશમાં નોંધાયેલા કુલ કેસ પૈકી કેરળમાં ૫૩૭૦ કેસ નોંધાયા છે અને ૧૭૭ સંક્રમિતોના મોત થયા છે. મંગળવારે માત્ર ૬૯૯૦ કેસ નોંધાયા હતા સોમવારે ૮૩૦૯ નવા કેસ નોંધાયા હતા અને ૨૩૬ સંક્રમિતોએ જીવ ગુમાવ્યો હતો. ૯૯૦૫ લોકો કોરોના સામે જંગ જીત્યા હતા. દેશમાં અત્યાર સુધીમાં ૧૨૪,૧૦,૮૬,૮૫૦ લોકોનું રસીકરણ થયું છે.



# પુલવામામાં સેના દ્વારા બે પાકિસ્તાની આતંકવાદી ઠાર

### જમ્મુ-કાશ્મીરમાં સેનાનું આતંકી વિરોધી અભિયાન : માર્યા ગયેલા આતંકવાદીમાં જૈશ-એ-મોહમ્મદના ટોપ આતંકવાદી કમાન્ડર યાસિર પારેનો પણ સમાવેશ

નવી દિલ્હી, તા.૧

સુરક્ષાદળોએ પુલવામા જિલ્લામાં ૨ પાકિસ્તાની આતંકવાદીઓને ઠાર માર્યા છે. તેમાં જૈશ-એ-મોહમ્મદના ટોપ આતંકવાદી કમાન્ડર યાસિર પારેનો પણ સમાવેશ થાય છે. તે આઈઈડી બનાવવાનો માસ્ટરમાઈન્ડ હોવાનું સામે આવ્યું છે. બીજા આતંકવાદીની ઓળખ ફુરકાન તરીકે સામે આવી છે. તે ઘણાં લાંબા સમયથી આ વિસ્તારમાં સક્રિય હતો. સુરક્ષા દળોએ રાજપોરામાં આતંકવાદીઓ હોવાની સૂચના મળ્યા બાદ મંગળવારે રાતે સમગ્ર વિસ્તારમાં ચેકિંગ શરૂ કરી દીધું હતું.

સઘન સુરક્ષા વ્યવસ્થાના કારણે તે વિસ્તારમાં અથડામણ શરૂ થઈ ગઈ હતી. સુરક્ષા દળોએ નાગરિકોની સુરક્ષા માટે તમામ ઉચિત પ્રબંધ પણ કરી લીધા હતા. હકીકતે એજન્સીઓને રાજપોરા વિસ્તારમાં આવેલા એક મકાનમાં આતંકવાદીઓની ઉપસ્થિતિની જાણકારી મળી હતી. ત્યાર બાદ પોલીસ-સીઆરપીએફ અને સેનાએ સંયુક્ત ટીમ બનાવીને તે વિસ્તારમાં દરોડો પાડ્યો હતો. તે વિસ્તારમાં ૨-૩ પાકિસ્તાની આતંકવાદી હોવાના અહેવાલ હતા જેમની ઘણાં લાંબા સમયથી તલાશ હતી. સુરક્ષા દળોએ નવેમ્બર મહિનામાં ૫ અથડામણમાં ૧૨ આતંકવાદીઓને ઠાર માર્યા હતા. આ વર્ષે ઘાટીમાં થયેલા વિવિધ ઓપરેશન્સ દરમિયાન અત્યાર સુધીમાં ૧૪૮ આતંકવાદીઓનો સપાટો બોલાવવામાં સફળતા મળી છે. તેમાં વિવિધ સંગઠનોના અનેક કમાન્ડરના નામ પણ સામેલ છે. લશ્કર, જૈશ, હિજબુલ, ટીઆરએફ સહિત તમામ સંગઠનોને ભારે નુકસાન પહોંચ્યું છે.

# ખેડૂત આંદોલનમાં એક પણ ખેડૂતનું મોત નથી થયું : તોમર




નવી દિલ્હી, તા.૧

કૃષિ કાયદાઓ વિરૂદ્ધ ચાલી રહેલા આંદોલનમાં એક પણ ખેડૂતનું મૃત્યુ નથી થયું. આ વાત કૃષિ મંત્રી નરેન્દ્ર સિંહ તોમરે લોકસભામાં લેખિત જવાબમાં કહી હતી. તોમરે કહ્યું હતું કે, કૃષિ મંત્રાલય પાસે ખેડૂત આંદોલનના કારણે કોઈ ખેડૂતનું મૃત્યુ થયું હોવાનો કોઈ જ રેકોર્ડ નથી. તેવામાં મૃતક ખેડૂતોના પરિવારજનોને વળતર આપવાનો કોઈ સવાલ જ નથી ઉઠતો.

હકીકતે લોકસભામાં સરકારને એવો સવાલ કરવામાં આવ્યો હતો કે, શું સરકાર પાસે કોઈ ડેટા છે કે, આંદોલન દરમિયાન કેટલા ખેડૂતોના મોત થયા અને શું સરકાર આંદોલન દરમિયાન માર્યા ગયેલા ખેડૂતોના પરિવારજનોને વળતર આપશે. જો તેમ હોય તો સરકાર આ અંગેની વિસ્તૃત જાણકારી આપે, જો ન હોય તો સરકાર તેનું કારણ દર્શાવે.

# દ.આફ્રિકાથી મહારાષ્ટ્ર આવેલ ૬ મુસાફરો કોરોના પોઝિટીવ

### નવા વેરિયન્ટને લઈને મહારાષ્ટ્ર પર સંકટ વધ્યું : સંક્રમિતોમાં મુંબઈ, કલ્યાણ, ડોંબિવલી અને પૂણેના લોકોનો સમાવેશ : બધાના સેમ્પલ લેબમાં મોકલાયા

મુંબઈ, તા.૧

કોરોનાના નવા ઓમિક્રોન વેરિએન્ટના સંકટ વચ્ચે દક્ષિણ આફ્રિકા સહિત બીજા જોખમી દેશોમાંથી મહારાષ્ટ્ર પહોંચેલા ૬ મુસાફરો કોરોના પોઝિટિવ મળી આવ્યા છે. આ બધાના સેમ્પલ જીનોમ સિક્વેન્સિંગ માટે પૂણેની લેબમાં મોકલાવવામાં આવ્યા છે. સંક્રમિતોમાં મુંબઈ, કલ્યાણ, ડોંબિવલી, મીરા ભાયંદર અને પૂણેના લોકોનો સમાવેશ થાય છે. જે દેશોમાંથી આ મુસાફરો પાછા ફર્યા છે તે દેશો કોરોનાને અનુલક્ષીને ઘણાં જોખમી દેશો છે માટે પ્રશાસનની ચિંતા વધી ગઈ છે. મહારાષ્ટ્ર સ્વાસ્થ્ય વિભાગે જણાવ્યું છે કે, આ ૬ મુસાફરો દક્ષિણ આફ્રિકા કે બીજા ઘણાં જોખમી દેશોમાંથી રાજ્યમાં પાછા ફર્યા છે. સંક્રમિત થયેલા લોકોના સેમ્પલ જીનોમ સીક્વેંસિંગ માટે મોકલાવવામાં આવ્યા છે. તેમના સંપર્કમાં આવેલા લોકોને શોધવા માટેની કવાયત હાથ ધરવામાં આવી છે. સરકારે હાઈ રિસ્ક દેશોમાંથી આવનારા મુસાફરો માટે એરપોર્ટ પર જ આરટીપીસીઆર ટેસ્ટ અને રિપોર્ટ નેગેટિવ આવે તો પણ ક્વોરન્ટાઈન થવાની શરત રાખી છે. આ સાથે જ ૧૪ દિવસની ટ્રાવેલ હિસ્ટ્રીની માહિતી પણ આપવી પડશે. આ લિસ્ટમાં બ્રિટન સહિત યુરોપના બધા ૪૪ દેશ, દક્ષિણ આફ્રિકા, બ્રાઝિલ, બાંગલા દેશ, બોત્સવાના, ચીન, મોરીશસ, ન્યુઝીલેન્ડ, જિમ્બાબ્વે, સિંગાપુર, હોંગકોંગ અને ઈઝરાયલ પણ શામેલ છે.

મહારાષ્ટ્ર સરકારના નિર્દેશ પ્રમાણે ઓમિક્રોન વેરિએન્ટનું જોખમ ધરાવતા દેશોમાંથી આવનારા આંતરરાષ્ટ્રીય મુસાફરો માટે ૭ દિવસ ક્વોરન્ટાઈન થવું અનિવાર્ય છે. મુંબઈ એરપોર્ટના અહેવાલ પ્રમાણે મુસાફરોને અનિવાર્યરૂપે આઈસોલેશનમાં રાખવા માટેના આદેશ તાત્કાલિક લાગુ કરવામાં આવશે. મુસાફરોએ હોટલમાં ક્વોરન્ટાઈન થવા માટે જાતે ચુકવણી કરવી પડશે.

St. Joseph's School
K G to XII
English Med. Residential School
Applications are Invited From
TEACHERS
Suitably Qualified
To Teach In English
ENGLISH (1 - 9)
SCIENCE (8 - 10)
MATHS (1 - 3)
SO. SC. (5 - 8)
COMM. (11 & 12)
PREFERENCE
Freshers & Singles willing to stay On- Campus, Transport facility available from Gandhinagar (40 km)
School Timing 8:00 am to 1:45 pm • Flexible Timing may be offered in special cases.
For details log on to www. sjskhanusa.org/careers/
Apply by e-mail careers@sjskhanusa.org
The Principal
St.Joseph's School
Vijapur (Dt.) Mehsana-384570 Gujarat.
02763 - 220200 / 220820 / 9328820653 (After 4 pm)

મારૂતિ સોફા
વોશીંગ & રીનોવેશન
સોફા રીપેરીંગ સ્પેશ્યાલીસ્ટ
ફ્રી હોમ સર્વિસ ગેરન્ટી સાથે
9924244216, 9924244276
મોકાસણવાળા

# કૌન બનેગા કરોડપતિમાંથી વાંધાજનક ભાગને હટાવાયો

### મિડ બ્રેન એક્ટિવેશન આધારિત એપિસોડ ઓન-એર : એપિસોડમાં છોકરીએ દાવો કર્યો હતો કે, તે આંખો પર પટ્ટી બાંધીને માત્ર પુસ્તકને સૂંઘીને વાંચી શકે છે

મુંબઈ, તા.૧

મિડ બ્રેન એક્ટિવેશન આધારિત એપિસોડ ઓન-એર થયા બાદ મેળવેલા ઓપન લેટરને લઈને અમિતાભ બચ્ચન દ્વારા હોસ્ટ કરવામાં આવી રહેલો શો 'કૌન બનેગા કરોડપતિ ૧૩' વિવાદમાં આવ્યો છે. મેંગલુરુના રેશનાલિસ્ટ અને ફેડરેશન ઓફ ઈન્ડિયન રેશનાલિસ્ટ અસોસિએશનના પ્રમુખ નરેન્દ્ર નાયક દ્વારા એપિસોડ સામે વાંધો ઉઠાવવામાં આવ્યો હતો. એક અહેવાલ પ્રમામમેલેટર ચેનલને મોકલવામાં આવ્યો હતો, જેના પર કૌન બનેગા કરોડપતિ પ્રસારિત કરવામાં આવે છે.

'કૌન બનેગા કરોડપતિ ૧૩'માં હાલમાં જ 'સ્ટુડન્ટ સ્પેશિયલ વીક'ની શરૂઆત કરવામાં આવી હતી. જેમાંથી એક એપિસોડમાં એક છોકરીએ કન્ટેસ્ટ તરીકે ભાગ લીધો હતો. આ એપિસોડ મિડ બ્રેન એક્ટિવેશન પર આધારિત હતો. એપિસોડમાં શોના હોસ્ટ અમિતાભ બચ્ચન સામે છોકરીએ દાવો કર્યો હતો કે, તે આંખો પર પટ્ટી બાંધીને માત્ર પુસ્તકને સૂંઘીને વાંચી શકે છે. મેકર્સે આ એપિસોડનો પ્રોમો રિલીઝ કર્યો હતો.

આ એપિસોડમાં છોકરીના માતા-પિતાએ દાવો કર્યો હતો કે, તેમણે તેમની દીકરીને મિડ બ્રેન એક્ટિવેશનની ટ્રેનિંગ આપી છે. આ એપિસોડ સામે વાંધો ઉઠાવતાં નરેન્દ્ર નાયકે પત્રમાં લખ્યું હતું 'મિડ બ્રેન એક્ટિવેશનના ઉપયોગ દ્વારા માતા-પિતાને મૂર્ખ બનાવવામાં આવે છે. આ પ્રકારની બાબતને નેશનલ ટેલિવિઝન પર પ્રોત્સાહન આપવું તે દેશની મજાક બની શકે છે'.

તેમણે ઉમેર્યું હતું કે, દરેક નાગરિકની ફરજ છે કે તેઓ વૈજ્ઞાનિક તપાસ અને માનવતાવાદને વિકસિત કરે. કેટલાક ઈન્સ્ટિટ્યૂટ ખોટા દાવા કરીને ભોળા વાલીઓને મૂર્ખ બનાવે છે કે મિડ બ્રેનને એક્ટિવેટ કરીને બાળકોના બ્રેન પાવરને તેઓ વધારશે. આ સિવાય 'સુપર પાવર' તે સામાન્ય જ્ઞાનનો ઉપહાસ છે અને મજાક છે, તેવો ઉલ્લેખ તેમણે કર્યો હતો.

નરેન્દ્ર નાયકના ઓપન લેટર બાદ ચેનલે એપિસોડમાંથી તે ભાગને હટાવી દીધો છે. આ વિશે જાણકારી ચેનલે નાયકને ઈમેલમાં આપી છે. જેમાં લખવામાં આવ્યું છે કે, એપિસોડમાંથી તે ભાગને તમામ પ્લેટફોર્મ પરથી હટાવી દેવાયો છે.

# સાઉદી અરેબિયા ઓમિક્રોનની એન્ટ્રી, પ્રથમ કેસ નોંધાયો

રિયાધ, તા.૧

કોરોનાના નવા ખતરનાક વેરિએન્ટ ઓમિક્રોનની સાઉદી અરેબિયામાં પણ એન્ટ્રી થઈ ગઈ છે. સાઉદી અરેબિયાએ બુધવારે જણાવ્યું કે, દેશમાં કોરોનાના નવા વેરિએન્ટનો પ્રથમ કેસ સામે આવ્યો છે. સાઉદી અરેબિયાની સરકારી ન્યૂઝ એજન્સીના કહેવા પ્રમાણે આ પ્રથમ કેસ ઉત્તરી આફ્રિકી દેશથી આવેલા નાગરિકમાં નોંધાયો છે. રિપોર્ટ પ્રમાણે સંક્રમિત આવી છે તે વ્યક્તિ અને તેના સંપર્કમાં આવેલા લોકોને ક્વોરેન્ટાઈન કરી દેવામાં આવ્યા છે. જાણવા મળ્યા મુજબ ગલ્ફ દેશોમાં ઓમિક્રોન વેરિએન્ટનો આ પ્રથમ કેસ છે. ઓમિક્રોન અત્યાર સુધીમાં ૧૪ કરતા પણ વધારે દેશોમાં ફેલાઈ ચુક્યો છે. કોરોના વાયરસનો ઓમિક્રોન વેરિએન્ટ ખૂબ જ ખતરનાક હોવાનું સામે આવ્યું છે. તે દક્ષિણ આફ્રિકા, યુરોપીય દેશો, બ્રિટન, નેધરલેન્ડ, લેટિન અમેરિકા સહિત ૧૪ કરતા પણ વધારે દેશોમાં ફેલાઈ ચુક્યો છે.

અંજલિ



સ્વ. અશોકભાઈ ગણાત્રા

न जायते भ्रियते वा कदाचि- न्नायं भूत्वा भविता न भूयः ।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो न हन्यते हन्यमाने शरीरे ॥
॥ श्रीमद भगवद गीता २:२० ॥

આ આત્મા કદી જન્મતો નથી કે મરતો નથી, ન તો એ ઉત્પન્ન થઈ ફરી પેદા થવા વાળો છે.
તે તો અજન્મા, નિત્ય, શાશ્વત અને પુરાતન છે. શરીરે હણવાથી તે હણાતો નથી
॥ શ્રીમદ ભગવત્ ગીતા ૨:૨૦ ॥

ચિર શાંતિ માટે પરમ તત્વને પ્રાર્થના...

કૃષ્ણકાન્ત જહા